## પહેલા પાનાનું ચાલુ

### જાધવની ફાંસી પર સ્ટે

પોતાના નાગરિકનો સંપર્ક સાધવા દેવાની પાકિસ્તાને મંજૂરી આપવી જરૂરી હતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯૭૭થી વિયેના કરાર થયેલા છે અને એમાં બંને દેશ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

ભારતીય નૌકાદળના ભૂતપૂર્વ અધિકારી ૪૬ વર્ષીય જાધવનો કેસ પોતાના અધિકાર ક્ષેત્રમાં જ હોવાનું આઈસીજે દ્વારા જણાવવામાં આવ્યું હતું, આ સાથે કોર્ટે એ બાબતની નોંધ લીધી હતી કે તેની ધરપકડ કરવામાં આવી એ સંજોગો પણ વિવાદાસ્પદ રહ્યાં છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચેની તંગદિલીમાં જાધવનો કિસ્સો છેલ્લામાં છેલ્લો આંખ ઉઘાડનારો છે. જાધવને મોતની સજા જાહેર કરાઈ એ સામે ભારતે મેની આઠમીએ આઈસીજેમાં ધા નાખી હતી. જાધવને રાજદૂતાલયની મદદ આપવાના મુદ્દે પાકિસ્તાને વિયેના કરારનું ઉલ્લંઘન કર્યું હોવાનો ભારતે આક્ષેપ કર્યો હતો. મેની નવમીએ આંતરરાષ્ટ્રીય અદાલતે તાત્કાલિક પગલારૂપે નવમી મેના રોજ દેહાંતદંડની સજા ઉપર સ્ટે મૂકી દીધો હતો. દરમિયાન નવી દિલ્હીના એક સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે કુલભૂષણ જાધવની ફાંસી ઉપર આઈસીજે દ્વારા કુવામાં આવેલો મનાઈ હુકમ પાકિસ્તાન માટે બંધનકર્તા છે. આ ચુકાદો સર્વાનુમત અને ગૂંચવાડા વિનાનો છે. આ કેસમાં આઈસીજે દ્વારા પોતાનો કામચલાઉ ચુકાદો જાહેર કરવામાં આવ્યો એના કલાકો બાદ વિદેશ ખાતાએ જણાવ્યું હતું કે જાધવની જિંદગી બચાવવા માટે સરકાર શક્ય તમામ પગલાં ભરશે. અત્રે ભરચક પત્રકાર પરિષદને સંબોધતાં વિદેશ ખાતાના પ્રવકતા ગોપાલ બાગલેએ જણાવ્યું હતું કે આઈસીજે દ્વારા જાધવને ન્યાય મળે એ માટે ભરવામાં આવેલું કામચલાઉ પગલું આ દિશામાં પહેલું કદમ છે અને તે રાહત પૂરી પાડનારું છે. (એજન્સી)■

### ફટાકડા ફોડ્યા

એકેડેમીની પ્રવેશ પરીક્ષા માટે જાધવે જ્યારે ફોર્મ ભર્યું, ત્યારે હું હાજર હતો અને પાછળથી એ એનડીએમાં જોડાયો હતો. એનડીએમાં એની પાસિંગ આઉટ પરેડ જોવાય હું ગયો હતો. લોઅર પરેલમાં આવેલ પૃથ્વીનંદન સોસાયટીમાં જાધવ મોટાં થયા હતા અને ત્યાં રહેતા એમનાં મિત્રોએ સવારથી જ ગણેશ પૂજા શરૂ કરી હતી. પાકિસ્તાને જેનાં પર જાસૂસીના આરોપ મુક્યા છે, એ જાધવ શરૂઆતનાં દિવસોમાં પરેલમાં પોતાનાં કુટુંબ સાથે પોલીસ ક્વાટર્સમાં રહેતા હતા. ૧૯૯૮માં એમનું કુટુંબ પરેલથી બીજે રહેવા ગયું હતું. (એજન્સી)■

### હરીશ સાળવે

આઇસીજેમાં પાકિસ્તાન તરફથી કોર્ટમાં હાજર થયેલા કુરેશીને વખોડતા જણાવ્યું હતું કે એણે પાંચ કરોડ લીધા હોવા છતાં પૂરતી તૈયારી ન કરી અને ભારતનાં વકીલે માત્ર એક રૂપિયો લઇને પોતાનું હીર દેખાડી આપ્યું. આ તો જાણે બંને દેશ વચ્ચે ટ્વેન્ટી-ટ્વેન્ટીની ક્રિકેટ મેચ ચાલી હોય એવું હતું.

સાલવેએ જણાવ્યું હતું કે પાકિસ્તાને પોતાનું ધ્યાન કેસનાં મેરિટને બદલે માત્ર પાસપોર્ટ અને ફોટો પર જ ભાર મૂક્યો હતો. એમણે વધુમાં જણાવ્યું હતું કે તેઓ પર્યાવરણને લગતાં કેસ માટે પણ એક રૂપિયાની ફી જ લે છે. ■

### ટ્રિપલ તલાક

કરવામાં આવી હતી. બંધારણી બેન્ચના ન્યાયમૂર્તિઓ કુરિયન જોસેફ, આર. એફ. નરિમાન, યુ. યુ. લલિત અને અબ્દુલ નઝીરનો સમાવેશ થતો હતો. બેન્ચ દ્વારા ૧૧મી મેના રોજ સુનાવણી હાથ ધરવામાં આવી હતી.

બેન્ચના સભ્ય ન્યાયમૂર્તિઓમાં શીખ, ખ્રિસ્તી, પારસી, હિન્દુ અને મુસ્લિમનો સમાવેશ થતો હતો. (એજન્સી)■

### ભારત ચુનો

જાધવને ફાંસી આપવા માટે મક્કમ બની રહે તો ભારત પાસે એક રસ્તો છે અને તે છે સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી પરિષદમાં જવાનો સંયુક્ત રાષ્ટ્રના અધિકારપત્ર (જેને યુએનનું બંધારણ મનાય છે) મુજબ સંયુક્ત રાષ્ટ્રનો દરેક સભ્ય દેશ આંતરરાષ્ટ્રીય કોર્ટ ઓફ જસ્ટિસનો ફેસલો માનવા માટે પ્રતિબદ્ધ છે. જો કોઈ સભ્ય દેશ આમ ન કરે તો બીજો પક્ષ રજૂ કરનાર દેશ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની મદદ લઈ શકે છે. એક્સપર્ટના જણાવ્યા મુજબ જો કે આંતરરાષ્ટ્રીય કોર્ટના ચુકાદા ઘરેલું કોર્ટના ફેસલાની જેમ અનિવાર્ય રીતે લાગુ કરાવી શકાતા નથી. આંતરરાષ્ટ્રીય કોર્ટના ચુકાદા ત્યારે જ અમલી બને છે જ્યારે સંલગ્ન દેશો તેનું પાલન કરવા તૈયાર થાય. ■

### જીએસટી

રાજ્યોનાં પ્રતિનિધિ સાથે યોજવામાં આવેલી અત્રે બે દિવસની બેઠકનાં પહેલા દિવસે ૧૨૧૧માંથી માત્ર ૬ વસ્તુને બાદ કરતા બાકીની બધી વસ્તુઓ માટેના જીએસટી દર નક્કી કરાયા હતા.

જેટલીએ જણાવ્યું હતું કે ૬ વસ્તુઓ સિવાયની બાકીની બધી જ વસ્તુઓ પર કેટલો જીએસટી લાદવો અને કઇ વસ્તુઓને માટે જીએસટી ન લાદવો એનો નિર્ણય આજની બેઠકમાં અમે લીધો છે. શુક્રવારે બાકી રહેલી ૬ વસ્તુઓ કે જેમાં સોનું, પગરખાં, પેકેજ્ડ ખાદ્ય પદાર્થો, બ્રાન્ડેડ વસ્તુઓ અને બીડીનો સમાવેશ થાય છે, એને માટે નિર્ણય લેવામાં આવશે. ઠંડા પીણા અને કાર ૨૮ ટકાની કેટેગરીમાં આવશે. નાની કાર પર ૧ ટકો સેસ, મધ્યમ સાઇઝની કાર પર ૩ ટકા અને લક્ઝરી કાર પર ૧૫ ટકા સેસ આકારવામાં આવશે. (એજન્સી)■

### અનિલ દવે

અને નીતિ વિષયક મુદ્દે ચર્ચા કરતા હતા, એમ મોદીએ જણાવ્યું હતું.

મારા મિત્ર અને ખૂબ જ આદરણીય સાથી પર્યાવરણ પ્રધાન અનિલ માધવ દવેજીના ઓચિંતા અવસાનથી મને ભારે આઘાત લાગ્યો છે. તેમને દિલથી શ્રદ્ધાંજલિ આપું છું, એમ તેમણે ટ્વીટ પર જણાવ્યું હતું. તેમના અવસાનથી મને વ્યક્તિગત રીતે ખોટ પડી છે.

દરમિયાન, એઈમ્સ ખાતે એક વરિષ્ઠ ડૉક્ટરે જણાવ્યું હતું કે પ્રધાનને નવી દિલ્હી ખાતેની એઈમ્સમાં સવારે લગભગ ૮.૩૦ કલાકે લાવવામાં આવ્યા હતા. તેમને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. તેમને ઉગારી લેવાના તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા. સવારે ૯.૪૫ કલાકે તેઓ અવસાન પામ્યા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

માહિતગાર વર્તુળોએ જણાવ્યું હતું કે તેમના મૃતદેહને સફદરજંગ રોડ ખાતેના તેમના નિવાસસ્થાને લઈ જવાયો હતો, જ્યાં થોડા કલાકો સુધી રાખ્યા બાદ ઈન્દોર લઈ જવાયો હતો જ્યાં પ્રધાનના ભાઈ રહે છે.

કેન્દ્રના પ્રધાનો વેંકૈયા નાયડુ, નરેન્દ્ર સિંહ તોમર, પીયૂષ ગોયલ, ધર્મેન્દ્ર પ્રધાન, થાવરચંદ ગેહલોત, હર્ષ વર્ધન તથા ભાજપના વરિષ્ઠ નેતાઓ એઈમ્સ પહોંચ્યા હતા.

તેઓ ૨૦૦૯થી રાજ્યસભાના સભ્ય હતા. પર્યાવરણ ખાતાના સ્વતંત્ર અખત્યાર સાથે દવેએ ગયા વર્ષે પ્રધાન તરીકે શપથ ગ્રહણ કર્યા હતા.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે તેઓ ઘણા લાંબા સમયથી જોડાયેલા હતા. ૨૦૦૩માં મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાનપદેથી કૉંગ્રેસના મહારથી દિગ્વિજય સિંહને ચૂંટણીમાં સિંહને પછડાટ આપવાની સફળ વ્યૂહરચના તેમણે ઘડીને અંજામ આપ્યો એ બાદ તેમની લોકપ્રિયતા વધી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ પ્રધાનના ઓચિંતા અવસાન બદલ આઘાત વ્યક્ત કર્યો હતો.

એક સમર્પિત લોકસેવક તરીકે દવે હંમેશાં યાદ રહેશે, એમ મોદીએ જણાવ્યું હતું. ગૃહપ્રધાન રાજનાથ સિંહે જણાવ્યું હતું કે પ્રધાનના ઓચિંતા અવસાનથી તેમને દુઃખ પહોંચ્યું છે.

ભાજપના પ્રમુખ અમિત શાહે જણાવ્યું હતું કે ભારતીય રાજકારણ અને પર્યાવરણની જાળવણીમાં દવેએ આપેલું યોગદાન હંમેશાં યાદ રહેશે. (એજન્સી)■

## હિન્દુ મરણ

**કચ્છી કડવા પાટીદાર**

કચ્છ ગામ દુર્ગાપુર (નવાવાસ) (હાલ ઘાટકોપર) ગં. સ્વ. ભાનુબેન કાંતિલાલ વેલાણી (ઉં. વ. ૭૪) ૧૭-૫-૧૭ના રામશરણ પામેલ છે. સ્વ. રતનબેન દેવશીભાઈ વેલાણીના પુત્રવધૂ. સ્વ. કાંતિલાલ દેવશી વેલાણીના ધર્મપત્ની. મહેશ, રાજેશ, કિશોર, સ્વ. દિનેશ, હિતેશ, હર્ષદના માતુશ્રી. પ્રિતી, અનિતા, નયના, જ્યોતિ, ચેતનાના સાસુમા. સ્વ. રતનબેન હિરજીભાઈ પારસીયાના પુત્રીની પ્રાર્થનાસભા ૧૯-૫-૧૭, શુક્રવારના ૪ થી ૫-૩૦. ઠે: શ્રી કચ્છી કડવા પાટીદારવાડી, ઘાટકોપર (વે.)

**ઔદીચ્ય સહસ્ર બસીયા જ્ઞાતિ**

ગડાદર હાલ દહીસર અ. સૌ. ચંદનબેન પંડયા (ઉં. વ. ૬૨) ૧૪-૫-૧૭ રવિવારે દેવલોક પામેલ છે. તે ચંદ્રકાંત રેવાશંકર પંડયાના પત્ની. તે દેવકીબેન કાંતીલાલ પંડયા, સ્વ. વિનોદભાઇ, સ્વ. રમણભાઇ, ઉષાબેન ગીરીશકુમાર જોષી, સ્વ. સુભાષભાઇ, સ્વ. હરેશભાઇ, અતુલભાઇ, કમલભાઇના ભાભી. સ્વ. શાંતીલાલ દાણી, સ્વ. નટવરલાલ, મનુભાઇ, સ્વ. જગદીશભાઇ, આનંદીબેન પરષોત્તમ પંડયા, સ્વ. સાવીત્રીબેન ઘમશ્યામદાસ ભટ્ટ, સ્વ. કંચનબેન હસમુખલાલ ભગતના બેન. અમષભાઇ, અલ્પેશભાઇના માતુશ્રી. નીકાતાના સાસુ. પ્રાર્થનાસભા સાયરા નિવાસી સ્વ. મુળશંકર છગનલાલ દાણી. પીયર પક્ષ તથા સાસાર પક્ષ તરફની ૧૯-૫-૧૭ શુક્રવારે ૫ થી ૭. સ્થળ: ગંગાબેન જપી હોલ, શ્રી સત્યવીશ સાબરકાંટા ઔ. બ્રાહ્મણ સમાજ, રોકડીયા લેન, બોરીવલી (વે). ઉત્તર ક્રિયા દહીસર મધ્યે રાખેલ છે.

**ઔદીચ્ય ગોહીલવાડી બ્રાહ્મણ**

ગરેજ હાલ કાંદીવલી જયંતીલાલ લક્ષ્મીશંકર જોષી (ઉં. વ. ૮૩) ૧૭-૫-૧૭ના સ્વર્ગવાસ પામેલ છે. તે ઉષાબેનના પતિ. સ્વ. અમૃતલાલ, સ્વ. રતીલાલ, સ્વ. રેવતીબેન જયંતીલાલ મહેતા, કેશવલાલ, આત્મારામના ભાઇ. સ્વ. અમૃતલાલ પોપટલાલ મહેતા કુકશવાડાના જમાઇ. નિમેશ, માયાબેન જગદીશકુમાર શેટ્ટીના પિતાશ્રી. પ્રતીમા નિમેશ જોશી, જગદીશકુમાર શેટ્ટીના સસરા. પ્રાર્થનાસભા ૧૯-૫-૧૭ શુક્રવારે ૪ થી ૬. સ્થળ: ૨૦૫, વસંત વિજય, ભુરાભાઇ હોલની સામે, મયુર ટોકીઝની પાછળ, સરોજીની નાયડુ રોડ, કાંદીવલી (વે).

**બીરપુર દશાનીમા વણીક**

ગં. સ્વ. હસુમતીબેન રજનીકાંત દેસાઇના પુત્ર શીરીષના ધર્મપત્ની પુર્ણીમાબેન (ઉં. વ. ૫૩) તે ગં.સ્વ. કોકીલાબેન ગોરધનદાસ દેસાઇની પુત્રી. તે રોહન, સ્વીટીના માતુશ્રી. બીપાશા, ધમેશકુમારના સાસુ તા. ૧૬-૫-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. બેસણું ૨૦-૫-૧૭ના શનિવારના ૫.૩૦ થી ૭.૩૦. ક્રિયાપાણી મુંબઇ મુકામે રાખેલ છે. શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, ૪થે માળે, એસ. વી. રોડ, પરીખ લેનના કોર્નર પર, કાંદીવલી (વે).

**કપોળ**

તણસાવાળા ગુણવંતરાય પરમાણંદદાસ મથુરીયા (ઉં. વ. ૯૦) ૧૭-૫-૧૭ બુધવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સવિતાબેનના પતિ. કાંતીભાઇ, સ્વ. જસવંતરાય, સ્વ. જયાબેન પારેખના ભાઇ. પ્રતાપભાઇ-રંજનબેન, ઉષાબેન મહેશભાઇ પારેખના પિતાશ્રી. પ્રતીક, નેહા, હેતલ પ્રતીક રાવલ, પ્રણવ, હીમા, પ્રથમ, વીવાનનાં દાદા. શ્વસુર પક્ષે ધોલેરાવાળા મણીલાલ વીરજી મહેતા તથા મોસાળ પક્ષે વનમાળીદાસ માધવજી મોદીના ભાણેજની પ્રાર્થનાસભા ૧૯-૫-૧૭ શુક્રવારના ૫ થી ૭. ઠે. અમૃતબાગ, બજાજ રોડ, વિલેપારલા (વે).

**દશા શ્રીમાળી વણીક**

હાથસણી નિવાસી હાલ મુલુંડ કોલોની કંચનબેન હર્ષદરાય નરભેરામ ભાખડાના પુત્ર અજીતભાઇ (ઉં. વ. ૬૫) તા. ૧૭-૫-૧૭ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. જીમીત અને દેવલના પિતાશ્રી. રાજેનભાઇ, પ્રફુલભાઇ, ભાવના રશ્મીકાંત દોશીના મોટા ભાઇ. શ્વસુર પક્ષે ચંપાબેન છગનલાલ બાવીસીના જમાઇ. કનુભાઇ, દિનેશભાઇના બનેવી, સાદડી- લૌ. વ્ય. બંધ છે. રહે. ૨૫/૩ બી પવઇ ચોક, મુલુંડ કોલોની (વે). મું ૮૨.

**ખંભાત વિસા મોઢ અડાલજા વણિક**

દેવાશીષ (ઉં. વ. ૪૩) તે ભાનુભાઇ તથા સરયુબેન (સરોજ)ના પુત્ર. બીપીનભાઇ તથા રવિન્દ્રભાઇનો ભત્રીજો. નીશા-પારુલ/પુજા તથા રૂપલનો ભાઇ. નયનભાઇ, તુષારભાઇના સાળા તા. ૧૭-૫-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૯-૫-૧૭ શુક્રવારે ૫.૩૦ થી ૭. સ્થળ: માધવબાગ (લક્ષ્મીનારાયણ મંદિર), હોલ, સી. પી. ટેન્ક, મું. ૪. લૌ. પ્રથા બંધ છે.

**શ્રીમાળી સોની**

સિહોર હાલ મુંબઇ સ્વ. રમણીકલાલ બાબુલાલના ધર્મપત્ની મધુબેન (ઉં. વ. ૯૦) ૧૭મી મે બુધવારે દેવલોક પામેલ છે. તે કનુભાઇ, મહીપતભાઇ, નટુભાઇ, ચંદુબેન, કિશોરભાઇના ભાભી. સ્વ. મહેન્દ્ર, કીરીટ, સ્વ. ઇલાબેન, વિનોદ, દીલીપના માતુશ્રી. અમીત, મેહુલ, શીતલ, ફાલ્ગુની, એકતા, ધ્રુતી, નેવીલ, હેતલના દાદી. પ્રાર્થનાસભા ૧૯મી મે શુક્રવારે સાંજે ૫ થી ૭. સ્થળ: હાલાઇ બાટીયા મહાજનવાડી, ૩૯૮/સી કાલબાદેવી રોડ, મું. ૨. લૌ. વ્ય. બંધ છે.

**કપોળ**

શિહોર હાલ સાંતાક્રુઝ સ્વ. મોંઘીબેન રતીલાલ મુનીના પુત્ર પ્રવીણભાઇ (ઉં. વ. ૯૧) તા. ૧૬-૫-૧૭ના શ્રીજીચરણ પામેલ છે. તે સંજય, કેતન, સ્મીતાના પિતાશ્રી. સ્વાતી, નીતા, સુનીલ વોરાના સસરા. સ્વ. આત્મારામ, સ્વ. હરીભાઇ, ડો. મનુભાઇ, સ્વ. શાંતાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. ભદ્રાબેનના ભાઇ. અમરેલીવાળા કમળશી કરશનદાસ ચિતલીયાના જમાઇ. પ્રાર્થનાસભા સુક્રવાર તા. ૧૯-૫-૧૭ના ૫ થી ૭. ઠે. સન્યાસ આશ્રમ પરીસરમાં વિશ્વેશ્વર ભવન, પારલા (વે). લૌ. પ્રથા બંધ છે.

**લુહાર સુથાર જ્ઞાતિ**

બીલખાવાળા હાલ મીરારોડ સ્વ. રતીલાલ ઓધવજીભાઇ કારેલીયાના પૌત્ર ચી. ધૈર્ય (ઉં. વ. ૧૬) તા. ૧૫-૫-૧૭ના શ્રીરામ ચરણ પામેલ છે. તે ભીખુભાઇ તથા રેખાબેનના પુત્ર. હસમુખભાઇ, સંજયભાઇ, મનીષભાઇ, સરોજબેન રમણીકલાલ મકવાણાના ભત્રીજા. વૈશાલી જયકુમાર મકવાણા, ચીરાગ, નીરવ, હેમાંગ, ધ્યાનીના ભાઇ. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૯-૫-૧૭ ના ૫ થી ૭. ઠે. લુહાર સુથાર વેલફેર સેન્ટર, ૧લે માળે, અંબાજી મંદીર પાસે, દત્તપાડા રોડ, બોરીવલી (ઇ).

**દોતોર પંચાલ**

વાસંતીબેન ભોગીલાલ પંચાલ (ઉં. વ. ૭૨) ગામ સુંઢીયા તે જયશંકરભાઇ, કનુભાઇ, રેખાબેન, નયનાબેન, પુષ્પાબેન, રમાબેનના માતુશ્રી. અલકાબેન, વર્ષાબેન, હર્ષદકુમાર, જયંતીલાલ, કાંતીલાલ, ભરતકુમારના સાસુ. પ્રહલાદભાઇના બેન ૮-૫-૧૭ના દેવલોક થયા છે. પ્રાર્થનાસભા મિઠો બપોરો ૨૦-૫-૧૭ શનિવારે સવારે ૯ થી ૧૦. સ્થળ: મુ. ઓધવબાગ, મુલુંડ ચેકનાકા, કિશનનગર-૧, વાગલે સ્ટેટ, થાણે.

**ભાવનગરી મોચી**

બોરલા હાલ મલાડ સ્વ. બચુભાઇ બાલાભાઇ ચાવડાના ધર્મપત્ની ભાનુબેન (ઉં. વ. ૮૫) બુધવાર તા. ૧૭-૫-૧૭ના સ્વર્ગવાસ પામેલ છે. તે ગોબરભાઇ, વિનુભાઇ, પ્રવીણભાઇ, હિરાબેન, પ્રભાબેન, રમાબેન, સરાદાબેનના માતા. ગૌરીબેન, વિમળાબેન, રસીલાબેનના સાસુ. નિલેશ, લાલજી, ચેતન, સંકેત, દક્ષા, ધર્મીષ્ઠા, મીત્તલ, મમતાના દાદી. બેસણું શુક્રવાર ૧૯-૫-૧૭ના ૪ થી ૬. ચંદ્રભોલેશ્વર મંદીર, ખોતકુવા રોડ, ધનજીવાડી, મલાડ (ઇ).

**લુહાર સુતાર**

દાભાળાજીરા હાલ મીરારોડ ચેતનકુમાર વજુભાઇ વાળાના પત્ની અ. સૌ. સંગીતાબેન (ઉં. વ. ૩૨) તે ૧૭-૫-૧૭ના શ્રીરામચરણ પામેલ છે. તે સાહીલ ઉર્વીના માતા. વજુભાઇ બાબુભાઇ વળા, જોશનાબેનના પુત્રવધૂ. દક્ષા હસમુખલાલ ડોડીયા, સંગીતા રણજીત બારોટના ભાભી. દેપલાવાળા શાંતીભાઇ ઝવેરભાઇ ડોડીયા તથા પુષ્પાબેનના પુત્રી. પ્રાર્થનાસભા શુક્રવાર ૧૯-૫-૧૭ના ૫ થી ૭. ઠે. મની આર્કેડ, એ-૪૦૬, રામદેવ પાર્ક રોડ, ભવાની મેડીકલની સામે, રામદેવ પાર્ક, મીરારોડ (ઇ).

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ચલાળા (હાલ ન્યૂ યોર્ક) હર્ષદભાઈ નરોત્તમદાસ જીવનલાલ લાખાણીના ધર્મપત્ની પ્રતિમાબેન (ઉં. વ. ૬૬) ૬-૫-૧૭ના ન્યૂ યોર્ક મુકામે અરિહંતશરણ પામેલ છે. તે વિભા રાજેશ શોભરાજ તથા શુભાના માતુશ્રી. અરવિંદ, પારુલબેન અરવિંદ લાખાણી, અનીલાબેન મનોજભાઈ શાહ, ડૉ. ઉષાબેન વસંતભાઈ દોશી, અનસૂયાબેન હરેશભાઈ પારેખ, જયશ્રીબેન બિમલભાઈ દોશીના ભાભી. સ્વ. છોટાલાલ કાબાભાઈ શાહની પુત્રી. મિલન, ઉષાબેન હસમુખભાઈ મહેતા, સ્વ. સુધાબેન હસમુખભાઈ દેસાઈ, મધુબેન ચંદ્રકાંતભાઈ શાહ, હમાંગીનીબેન ભરતભાઈ પારેખ, સુલભાબેન નીતિનભાઈ બૂચના બેન. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પીથલપુર (તળાજા) હાલ બોરીવલી પ્રવીણભાઇ લાલચંદ હરખચંદ દોશીના ધર્મપત્ની ચંદ્રીકાબેન (ઉં. વ. ૬૫) તા. ૧૭-૫-૧૭ બુધવારના સ્વર્ગવાસ પામેલ છે. તુષાર, જીગરના માતુશ્રી. ભાવીની, કુંજલના સાસુ. જતીન, જીનલ, સ્વ. જીગનેશ-નમ્રતા, નયનાબેન વિનોદરાય, ઇન્દુબેન પ્રતાપરાય, પ્રવીણાબેન રજનીકાંત, અરુણાબેન પ્રફુલકુમાર, ઉષાબેન ભદ્રેશકુમાર, રેખાબેન ધનેશકુમાર, ભાવનાબેન હસમુખરાય, શીલ્પાબેન હીતેષકુમારના ભાભી. પીયર પક્ષ હાથસણીવાળા (ઘાટકોપર) મંગળજી ઝવેરચંદ શાહના દીકરી. સાદડી બંને પક્ષની સાથે રાખેલ છે તા. ૧૯-૫-૧૭ શુક્રવારના. ચક્ષુદાન કરેલ છે. સમય ૪ થી ૬. સ્થળ: ગુરુદ્વારા હોલ, સાઇબાબા મંદીરની પાસે, સાંઇબાબા નગર, બોરીવલી (વે). લૌ. વ્ય. બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ હાલ બોરીવલી ભુપતરાય ગુલાબચંદ પાદશાહ (ઉં. વ. ૭૮) તે સ્વ. ગુલાબચંદ પોપટલાલ પાદશાહ તથા સ્વ. જયાબેન ગુલાબચંદ પાદશાહના પુત્ર. સ્વ. રેણુકાબેન ભુપતભાઇ પાદશાહના પતિ. તેજસના પિતાશ્રી ૧૬-૫-૧૭ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. મુકતાબેન ટોળીયા, નટવરલાલ પાદશાહ, કિશોરચંદ્ર પાદશાહ, ધનસુખરાય પાદશાહના ભાઇ. સાસરીયા પક્ષે સ્વ. ડો. પાનાચંદ કાનજી સંઘવી, સ્વ. જયાબેન પાનાચંદ સંઘવીના જમાઇ. પ્રાર્થનાસભા- લૌ. વ્ય. બંધ છે. રહે. બ્લોક ૩૭, ૨જે માળે, જ્ઞાન નગર, ડાયમંડ સીનેમા પાસે, એલ. ટી. રોડ, બોરીવલી (વે).

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

રાણપુર (ભેંસાણ) હાલ બોરીવલી સ્વ. ધીરજલાલ ફુલચંદ કોરડીયા, સ્વ. સુશીલા ધીરજલાલ કોરડીયાની પુત્રી. કુ. પદ્મા (ઉં. વ. ૬૧) તે મહેન્દ્ર, આશા સંજય દોમડીયા, હીના દીપેન મહેતાના બેન ૧૫-૫-૧૭ના બોરીવલી મુકામે અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે. રહે. મહેન્દ્ર ધીરજલાલ કોરડીયા, ફલેટ નં. ૫૦૨, જયોતી રોયલ એપાર્ટમેન્ટ, દાદાભાઇ ક્રોસ રોડ, નવરંગ સીનેમાની પાસે, અંધેરી (વે).

**કચ્છી ગુર્જર જૈન**

અંજાર હાલે ડોંબીવલીના તારામણીબેન (વાસંતીબેન) (ઉં. વ. ૮૭) તા. ૧૭-૫-૧૭ને બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વાડીલાલ નાનાલાલ દોશીનાં ધર્મપત્ની. મુકેશભાઇ, જયોતીબેન બીપીનચંદ્ર મહેતા માધાપર, દક્ષાબેન ધીરજલાલ સંઘવી ભૂજ, પ્રીતીબેન દીપકભાઇ શાહ માનકુવાનાં માતુશ્રી. કસ્તુરીબેનના સાસુ. કચ્છ લાખાપરના સ્વ. રામજી તલકશી શાહના પુત્રી. સ્વ. ચુનીલાલ, સ્વ. હિરુબેન, સ્વ. ભાનુબેન, સ્વ. ગુલાબબેન, સ્વ. ભુદીબેનના બેન. પ્રાર્થનાસભા ૧૯-૫-૧૭ શુક્રવારના ૩.૩૦ થી ૫. સ્થળ: શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ (પાખાડી), ૧૬, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સી. આર.). મું-૧૯.

**ક. દ. ઓ. જૈન**

ગામ લાલા હાલ કાંદીવલી રમેશચંદ્ર આશારામ દંડ (ઉં. વ. ૬૬) તા. ૧૭-૫-૧૭ના અરિહંતશરણ પામેલ છે. તે ગં. સ્વ. પ્રેમાબાઇના પુત્ર. વિજયાબેનના પતિ. ભરત, ઉષાબેન નારાયણજી મૈશેરી, નિર્મલા લહેરચંદ મૈશેરી, પુષ્પા મલયકાંત પોલડીયાના ભાઇ. અલ્પા મણીકાંત ધરમશી, અનીલા ભાવીન શાહ, વરુણકુમારના પિતા. સામા પક્ષે ગં. સ્વ. મુરબાઇ ઠાકરશી નાગડા ગામ નલીયા હાલ છનેરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. લૌ. વ્ય. બંધ છે. ચક્ષુદાન કરેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

હડમતીયા હાલ માલેગામ સ્વ. અનીલકુમાર હરખચંદ વાઘર (શાહ)ના ધર્મપત્ની ગં.સ્વ. જયોત્સનાબેન (ઉં. વ. ૯૦) તા. ૧૬-૫-૧૭ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેષ, કમલેશ, મુકેશ, કલ્પના અશ્વીન ગાંધી, દિના અશ્વીન જસાણીના માતોશ્રી. સ્વ. સ્મીતા, ઉષા, પ્રતિમાના સાસુ. સ્વ. સવિતાબેન, શોભાબેન, તરલાબેનના ભાભી. પીયર પક્ષે રાજકોટ નિવાસી દલીચંદ વાઘજી કામદારની પુત્રીની પ્રાર્થનાસભા માલેગામ ખાતે તા. ૧૯-૫-૧૭ના શુક્રવારે સવારે ૧૦ વાગે રાખેલ છે. લૌ. વ્ય. બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીનાળી સ્થા. જૈન**

ધ્રાગંધ્રા હાલ વર્લી નવીનચંદ્ર રતીલાલ સંઘવી (ઉં. વ. ૭૨) તે કુમુદબેનના પતિ. ઋષભ, રોમીલના પિતા. ટેરેસા, પ્રીતીના સસરા. સ્વ. જયંતીભાઇ, સ્વ. રસીકભાઇ, સરોજભાઇ, પ્રકાશભાઇ, દીપકભાઇ, શર્મીલા કીર્તીભાઇ સંઘવી, નીરુપમા મહેન્દ્રભાઇ સંઘવી, પ્રમોદીની સુભાષભાઇ શાહ, કિનીતા સુરેશકુમાર શાહના ભાઇ. અમદાવાદ નિવાસી સ્વ. વાડીલાલ જીવરાજ શાહના જમાઇ ૧૩ મે શનિવારના અરિહંતશરણ થયેલ છે. ભકિતગીત ૨૦-૫-૧૭ શનિવારના સ. ૧૦ થી ૧૧.૩૦. ઠે. સ્વાતંત્ર્ય વીર સાવરકર સભાગૃહ, શીવાજી પાર્ક, મેયરના બંગલાની બાજુમાં, દાદર (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સીમરણ હાલ મલાડ સ્વ. રસીલાબેન નગીનદાસ દુર્લદાસ સંઘવીના પુત્ર દેવેન્દ્રભાઇ (દેવેનભાઇ) (ઉં. વ. ૫૪) ૧૬-૫-૧૭ના મંગળવારે અરિહંતશરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. ધર્મીલ, નિયતીના પિતા. અનંતરાય, કાંતીલાલ, વિનોદરાયના ભત્રીજા. સમીર, સંજય, સાગર, મોન્ટુ, અ. સૌ. સોનલબેન વિશાલભાઇ અમીશાબેન કેયુરકુમારના ભાઇ. મોસાળ પક્ષે નવીનભાઇ ધીરજલાલ દોશી તથા જગદીશભાઇ ધીરજલાલ દોશી (ઉનાવાળા)ના ભાણેજ. શ્વસુર પક્ષે સ્વ. હસુમતીબેન વિનોદરાય પ્રાણલાલ દોશી બોરીવલીના જમાઇ. પ્રાર્થનાસભા પિતૃવંદના ૨૧-૫-૧૭ રવિવારના ૪ થી ૬. ઠે. પારેખ હોલ, જીતેન્દ્ર ક્રોસ રોડ, શાંતીનાથ જીનાલય પાસે, મલાડ (ઇ). લૌ. વ્ય. બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મેરાઉના આણંદજી નાનજી હેણીયા (ઉં.વ. ૭૧) અવસાન પામેલ છે. સ્વ. સાકરબેન નાનજી માલશીના પુત્ર. જયાના પતિ. સ્વ. મીનાક્ષી, અનિલ, મુલેસ, દિપક, ચંદ્રેશના પિતા. રસીક, પુષ્પા, ભગવતી, મધુના ભાઈ. ખારુઆના મુલબાઈ આસુ કાનજીના જમાઈ. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૪ થી ૫.૩૦.

ડુમરાના રતનશી નથુભાઈ કારાણી (ઉં. વ. ૬૭) મુંબઈમાં ૧૬-૫-૧૭ના અવસાન પામેલ છે. હાંસબાઈ નથુભાઈ નાગપારના પુત્ર. મધુબેનના પતિ. હીરલ, પારસના પિતા. ભુજપુરના જીવીબેન કાનજી ઉમરશી કાપડીયાના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે). ટા. ૨ થી ૩.૩૦.

લાયજાના માતુશ્રી મણીબેન હીરજી શાહ/ ગડા (ઉં. વ. ૮૬) મોક્ષ માર્ગે પ્રયાણ કરેલ છે. માં દેવકાબેન ગાંગજીના પુત્રવધૂ. હીરજીના પત્ની. ભરત, પ્રદીપ, રાજેન્દ્ર, ભાવના, જયશ્રી, વસંતના માતુશ્રી. ગોધરો માતુશ્રી પુરબાઈ દેવજી જીવરાજના પુત્રી. મોરારજી સં. પ. પૂ. સા. પદ્મશ્રીના બેન. પ્રા. યોગી સભાગૃહ (દાદર) ટા. ૪ થી ૫.૩૦.

પુનડી/ પુનાના મણીલાલ બાબુભાઈ મોતા (ઉં. વ. ૭૩) ૧૬-૫-૧૭ના અવસાન પામેલ છે. મંજુલાના પતિ. ખેતબાઈ બાબુભાઈના પુત્ર. તિલેસ (રિંકુ) દીપાના પિતા. કાંડાગરાના દીના મહેન્દ્ર નાંગલપુર મંજુલા કાંતિલાલ, રેવંતીના ભાઈ. દેશલપુર કંઠી રતનબેન નરશી મોનજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ.: એમ. બી. મોતા એલ/૨૩૯ આદીનાથ સોસાયટી, પુના સાતારા રોડ, પુના-૪૧૧૦૦૯.

લાકડીયા અમૃતબેન રામજી રતનશી ગાલા (ઉં. વ. ૮૨) સંથારો સીજી ગયેલ છે. વિરાબેન રતનશી તેજશીના પુત્રવધૂ. ભચીબેન લધા કરમણ ગડાની દીકરી. મણીલાલ, શાંતિલાલ, યોગેશના માતા. વિરમ, પ્રેમજી માડણ, માનુબેનના બેન. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન. મંડળ, શિવાજી ચોક, મલાડ (ઈ), સવારે ૯.૩૦ કલાકે.

રતાડીયા (ગ)ના જાદવજી નાનજી સાવલા (ઉં. વ. ૮૨) ૧૭-૫-૧૭ના અનસાન પામેલ છે. મા. મઠાંબેન નાનજી શીવજીના પુત્ર. કસ્તુરબેનના પતિ. રમણીક, રંજન, લતા, હીનાના પિતા. નેમજી, નાનજીના ભાઈ. સાડાઉના લાછબાઈ પ્રેમજી મંગરાઈના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રમણીક સાવલા બી/૫, સેકટર ૬, શાંતિનગર, મીરા રોડ (ઈ).

કોટડા (રોહા)ના મંજુલાબેન વલ્લભજી ગાલા (ઉં. વ. ૭૪) અવસાન પામેલ છે. મા. દેવકાંબાઈ ધારશી રાયશીના પુત્રવધૂ. શેરડીના માતુશ્રી લક્ષ્મીબેન/ પાનબાઈ જેઠુભાઈ નાગજી હરીયાની પુત્રી. વલ્લભજીના પત્ની. અનીલ, વીમલ, નીલમના માતા. શેરડી હરખચંદ, મહેન્દ્ર, અતુલ, જેઠુભાઈ, કુસુમબેન- ચંદનબેન, ખારૂઆ ઉમાબેન દિલીપના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. વિમલ ગાલા ૧/૨૩, ભુતા નિવાસ, ડો. આંબેડકર રોડ, માટુંગા (સે.રે.), મું.-૧૯.

## પારસી મરણ

કેકી નામદાર ઈરાની તે મરહુમો ગુલીસ્તાન તથા નામદાર જમશેદ ઈરાનીના દીકરી, જમશેદ, બેહરામ, અસ્પંદયાર, ખોરશેદ, હોમાયના ભાઈ, ફીરોઝા અસ્પંદયાર ઈરાનીના જેઠ, સુશાન તથા કયઝાદના કાકાજી. (ઉં. વ. ૭૪). ઠેઃ સુમૈયા મંઝિલ, ભોંયતળીયે, રૂમ નં. ૧૦, ગુલશન થિયેટરની સામે, બાપુરાવ પથે માર્ગ, મુંબઈ- ૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા આજે બપોરે (મું. ટા.) ૩ કલાકે ગ્રાન્ટ રોડ બાલારામ સ્ટ્રીટ મધ્યેની મેહલ્લા પટેલની અગીયારીમાં કરવામાં આવશે.

રોડા બરજોર ખાનસાહેબ તે મરહુમ બરજોર શાવકશાહ ખાનસાહેબના વીધવા, મરહુમો દીનામાય તથા રતનશાહ મીસ્રીના દીકરી, મરહુમો કુવરબાઈ તથા શાવકશાહ ખાનસાહેબના વહુ, મેહેરના માતાજી. (ઉં. વ. ૭૬). ઠેઃ સી આર/૨, ૫૬ મેઝનાઈન ફલોર, જીવેલર્સ એપાર્ટમેન્ટ, પેડર રોડ, મુંબઈ - ૪૦૦૦૨૬. ઉઠમણાંની ક્રિયા આજે બપોરે (મું. ટા.) ૩ કલાકે ગોવાલ્યા ટેંક મધ્યેની બાઈ સુનાબાઈ હીરજીની અગીયારીમાં કરવામાં આવશે.

## મુસ્લિમ મરણ

**દાઉદી વહોરા**

મરહુમ મોહમ્મદઅલી જીવાજી પોરબંદરવાલા તથા મ. ઝેહરાબાઇ પોરબંદરવાલાના દીકરા. મ. મોહમ્મદઅલી અબ્દુલઅલી લોખંડવાલા તથા મ. નામાબાઇ મોહમ્મદઅલીના જમાઇ. યુસુફભાઇ, નુરુદ્દીનભાઇ, મ. અમીનાબાઇ, નફીસાબાઇ, મરયમબાઇ, જુમાનાબાઇના ભાઇ. સકીનાબાઇ મોહમ્મદઅલી લોખંડવાલાના શૌહર. રશીદાબાઇ લુવળાભાઇ મરચંટ. મેમુનાબાઇ માચીસવાલાના બાવાજી જાફરભાઇ મોહમંદઅલી પોરબંદરવાલા ગુજરી ગયા છે. બીજીયા તથો ત્રીજીયાના સીપારા ૧૯-૫-૧૭ શુક્રવારે ૧૧ વગે એસ. બી. યુ. ટી.-૧, ઓલ્ડ અંજીરવાડી.

**ખોજા શીઆ ઇસ્નાઅશરી**

શેઠ બરકતઅલી હુસૈનઅલી પીરાણી (બકુભાઇ) ના ઘરે ખબર આવી છે જે એવણના મોટા ભાઇ અકબરઅલીભાઇ પીરાણી ખુદાની રહેમતે પહોંચ્યા (ઉં. વ. ૭૦) ફાતેહાખ્વાની ફકત ભાઇઓમાં શુક્રવાર ૧૯-૫-૧૭ના રાતે મગરીબ ઇશાનીનમાઝ બાદ મસ્જદમાં. ઠે. હ. અબ્બાસ અ. સ. સ્ટીટ, મું ૯. શેઠ સુલતાનભાઇ (સીલ્લુભાઇ) તથા અલતાફભાઇ તથા અલ્લુભાઇ, મુન્નાભાઇ પીરાણીના ભાઇ.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|